જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૧/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૬ કેસ કરી, ૮૭ વ્યક્તિઓને ઝડપી, ૪૧૮ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૨ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૨ કેસ કરી ૪૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૮,૩૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૯/૨૦૨૬**

કૃષ્ણનગરઃ નિકોલ–નરોડા રોડ ખોડીયાર મંદિર પાછળ મીરામનન રેસિડન્સી ખાતે રહેતા નિવૃત સીનીયર સીટીજને તા.૨૧/૦૧/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૧/૨૦૨૬ સવારના ૦૯/૩૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર +૯૧૯૪૫૪૫૭૮૨૩૧ તથા +૯૧૯૮૧૨૭૫૧૧૮૯ ના ધારકોએ સીનીયર સીટીજનને ફોન કરી એસ.પી. એ.ટી.એસ.ના અધિકારી વાત કરતા હોવાની ખોટી ઓળખ આપી સીનીયર સીટીજનના મોબાઈલ નંબર અને ખાતા દિલ્હી બોમ્બ બ્લાસ્ટમા જોડાયેલા છે જેથી સીનીયર સીટીજનને કોર્ટમાં હાજર રહેવુ પડશે તેવી ધમકી આપી અને જો કોર્ટમાં હાજર નહી રહેવું હોય તો પૈસાનો વ્યવહાર કરવો પડશે તેમ જણાવી સીનીયર સીટીજન પાસેથી રૂપિયા ૯૯,૦૦૦/– ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એ.કોટડિયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૦/૨૦૨૬**

એલિસબ્રિજઃ રિતેશકુમાર લાલજીભાઈ પટેલ (રહે. સરકારી વસાહત બોડકદેવ) એ એલિસબ્રિજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૬ રાતના ૦૯/૦૦ થી તા.૨૧/૦૧/૨૦૨૬ સવારના ૦૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એલિસબ્રિજ સન્યાસ આશ્રમની સામે સાનિધ્ય કોમ્પલેક્ષ "સિન્કોનિક્શ ટેકનોલોજીસ પ્રાઈવેટ લીમીટેડ" નામની ઓફીસની બારી વાટે અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી મોબાઈલ ફોન નંગ–૩ અને આઈપેડ નંગ–૧ મળી કુલ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.પરમાર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૦૧/૨૦૨૬**

આનંદનગરઃ ભુપત નર્શાભાઇ પ્રજાપતિ (રહે. પાર્થ એપાર્ટમેન્ટ શુકોમલ ફલેટ રામદેવનગર સેટેલાઇટ) તા.૨૦/૦૧/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે આનંદનગર શંખ સર્કલ જોધપુર ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શન કરવા ગયા હતા ત્યારે અજાણી વ્યક્તિએ લેપટોપ બેગ ચોરી કરી લીધું હતું. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૨૦,૦૦૦/–, મોબાઇલ ચાર્જર કિમત રૂપિયા ૧,૫૦૦/– અને રોકડ રૂપિયા ૧૪,૦૦૦/– તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ ભુપત પ્રજાપતિ એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી યુ.એચ.જાડેજા ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૦૨/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ વસ્ત્રાપુર આઇ.ટી.સી.નર્મદા હોટલની બાજુમાં "ધ કેશવબાગ કેપિટલ" નામની નવી બનતી સાઇટ ખાતે મજુરી કામ કરતા માનસીંગ મોહનભાઇ સીંગાડા (ઉ.વ.૨૬) (મુળ વતન. ગામ–કડદા તા–આનંદપુર જી–બાંસવાડા રાજસ્થાન) તા.૨૧/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે "ધ કેશવબાગ કેપિટલ" સાઇટના દશમા માળે લોખંડના પાલખ ઉતારતા હતા ત્યારે પગ લપસી જતા દશમા માળથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઈ.શ્રી કાજલબહેન ગોરધનભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૩/૨૦૨૬**

નવરંગપુરાઃ ઈશ્વર દયાલદાસ સંતાણી (ઉ.વ.૬૩) (રહે. ઈન્દ્રલોક એપાર્ટમેન્ટ કલ્પાણ પાર્ક સોસાયટી બળીયાકાકા રોડ કાંકરીયા મણીનગર) નાઓ બિમારી હોવાથી મિઠાખળી છ રસ્તા પાસે નોબલ ગેસ્ટ્રો એન્ડ લિવર હોસ્પીટલ ખાતે સારવાર હેઠળ હોય બિમારીથી કંટાળી તા.૨૧/૦૧/૨૦૨૬ કલાક ૦૭/૦૦ વાગ્યાના સુમારે હોસ્પીટલ ખાતે ચોથા માળથી પડતું મુકતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ કરમણભાઈ ચલાવે છે.

વાસણાઃ આરતીબહેન ગજેન્દ્રકુમાર ચિદલ (ઉ.વ.૩૧) (રહે. વણઝારવાસ પ્રવિણનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૧/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે રસી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી તેજલબેન રાજેશભાઇ ચલાવે છે.

સરદારનગરઃ સરદારનગર નોબલનગર ખોડીયાર માતાના મંદીર સામે સુભાષનગરના ટેકરા ખાતે અરવિંદભાઈ નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૦/૦૧/૨૦૨૬ સાંજના ૦૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિવ્યરાજસિંહ નરેન્દ્રસિંહ ચલાવે છે.

રામોલઃ સુનિલ કમલજીત ધામ (ઉ.વ.૬૨) (રહે. શ્રીનંદ સીટી–૦૫ ન્યુ મણીનગર રામોલ) એ બિમારીથી કંટાળી તા.૨૧/૦૧/૨૦૨૬ સાંજના ૦૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી